For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### જય જગન્નાથના ગગનભેદી નાદ વચ્ચે વડોદરામાં ૪૫મી ભવ્ય રથયાત્રા ભક્તિમય માહોલમાં સંપન્ન

# ઈન્દ્રદેવના અમીછાંટણા વચ્ચે જગન્નાથજીની ભવ્ય નગરચર્યા

**મેયર** ગીતાબેન મકવાણાની પહિંદ વિધિ બાદ પ્રભુ જગન્નાથ નગરચર્યાએ નીકળ્યા, ભક્તોએ ભાવપૂર્વક ખેંચ્યો રથ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સંસ્કારી નગરી વડોદરામાં અષાઢી બીજના પવિત્ર અને મંગલમય પર્વે ભક્તિ, શ્રદ્ધા અને અખંડ આસ્થાનો અનેરો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. શહેરમાં ભગવાન જગન્નાથજીની ૪૫મી ભવ્ય અને પરંપરાગત રથયાત્રા ભારે હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં નીકળી હતી. વડોદરા રેલવે સ્ટેશન પાસે આવેલા મુખ્ય કેન્દ્ર પરથી શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વર્ષે પણ પરંપરાગત રીતે મેયર ગીતાબેન મકવાણા દ્વારા સોનાની સાવરણીથી રથની આગળ સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ મંગલમય વિધિ પૂર્ણ થતાં જ ઉપસ્થિત વરિષ્ઠ રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીઓ અને હજારો ભક્તજનોએ શ્રદ્ધાપૂર્વક પ્રભુના રથનું દોરડું ખેંચીને નગરચર્યા તરફ પ્રસ્થાન કરાવ્યું હતું.

બ્રહ્માંડના નાથ ભગવાન જગન્નાથ, તેમના ભગિની સુભદ્રાજી અને જ્યેષ્ઠ બંધુ ભદ્રાદિશ બલરામજી સાથે રથમાં બિરાજમાન થઈને જ્યારે વડોદરાના રાજમાર્ગો પર નીકળ્યા ત્યારે સમગ્ર વાતાવરણ દિવ્ય અને ભક્તિમય બની ગયું હતું. શહેરના રેલવે સ્ટેશનથી શરૂ થઈને રથયાત્રા વિવિધ મુખ્ય વિસ્તારો અને રાજમાર્ગો પર ફરી હતી. ભગવાનના સ્વાગત માટે વડોદરાના માર્ગો પર 'જય જગન્નાથ' અને 'હરે ક્રિષ્ના'ના ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યા હતા. પોતાના આરાધ્ય દેવની એક ઝલક મેળવવા માટે નગરજનોમાં અનેરો ઉત્સાહ અને ઘેલું જોવા મળ્યું હતું. હજારો શ્રદ્ધાળુઓ કલાકો સુધી રસ્તાની બંને બાજુએ ઊભા રહીને ભાવવિભોર થઈ પ્રભુના દર્શન કરી ધન્યતા અનુભવતા હતા.

રથયાત્રાના સમગ્ર રૂટ પર ભક્તો દ્વારા ઠેર-ઠેર ભગવાનની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી અને સામૈયા કરી વધામણા કરાયા હતા. આ પ્રસંગે પરંપરાગત રીતે ભક્તોને મગ, જાંબુ તેમજ બુંદીના પવિત્ર પ્રસાદનું મોટા પાયે વિતરણ કરવામાં આવ્યું હતું.

વડોદરાના સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતી આ રથયાત્રામાં વિવિધ ભજન મંડળીઓ પ્રભુના ગુણગાન ગાતી રમઝટ બોલાવતી નજરે પડી હતી, તો બીજી તરફ અખાડાના યુવાનોએ પોતાના અદ્ભુત કરતબો બતાવી આકર્ષણ જમાવ્યું હતું. રથયાત્રામાં સામેલ શણગારેલા વાહનો અને ટેબ્લોઝ પણ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા. સમગ્ર રથયાત્રા અત્યંત શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થતાં વડોદરા વાસીઓએ એક અવિસ્મરણીય દિવ્ય ઉત્સવની ઉજવણી કરી હતી.



તસવીર : રણજીત સૂર્વે

## રથયાત્રા સાથે જ ધીમી ધારે અમીછાંટણા

આ પાવન અને ઐતિહાસિક પ્રસંગે અદ્ભુત સંયોગ એ સર્જાયો કે નગરચર્યાએ નીકળેલા જગતના નાથના વધામણા લેવા અને સંસ્કારી નગરીને શીતળતા પ્રદાન કરવા માટે સ્વયં ઇન્દ્રદેવ પણ પધાર્યા હોય તેવો માહોલ સર્જાયો હતો. વહેલી સવારે વડોદરા શહેરમાં ધીમી ધારે અમીછાંટણા કરીને મેઘરાજાએ પોતાની પવિત્ર હાજરી પુરાવી હતી અને પ્રભુનું ભવ્ય સ્વાગત કર્યું હતું. વરસાદની આ હળવી ઝડીઓ વચ્ચે પણ ભક્તોનો ઉત્સાહ જરાય ઓછો થયો નહોતો અને ભક્તિનો માહોલ વધુ ઘેરો બન્યો હતો.

## મચ્છીપીઠ ખાતે મુસ્લિમ બિરાદરોએ સ્વાગત કર્યું



વડોદરાની 45મી જગન્નાથ રથયાત્રા દરમિયાન મચ્છીપીઠ વિસ્તારમાં કોમી એકતાનું સુંદર દ્રશ્ય જોવા મળ્યું હતું. સ્થાનિક મુસ્લિમ બિરાદરોએ ફૂલહાર અને અમીછાંટણા સાથે રથયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સમગ્ર રૂટ પર વિવિધ સમાજના લોકોએ પ્રભુના વધામણા કર્યા હતા.

## માંજલપુરની અશોકારાજે ગાયકવાડ અને દેવ્યાનીરાજે ગાયકવાડ સ્કૂલ દ્વારા રથયાત્રાનું આયોજન



માંજલપુરના લાલબાગ સ્થિત શ્રી મંદિર ખાતે પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાનીરાજે ગાયકવાડ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે પરંપરાગત રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા 20 વર્ષથી યોજાતી આ રથયાત્રામાં ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાજીની મૂર્તિઓને રથમાં બિરાજમાન કરી મંદિરથી શાળાના પટાંગણ સુધી નગરચર્યા કરાવવામાં આવી હતી. શાળાના 2 હજારથી વધુ વિદ્યાર્થીઓ અને 100 જેટલા શિક્ષકોએ ભાવપૂર્વક રથ ખેંચ્યો હતો. "હરિબોલ"ના જયઘોષ, ઢોલ-નગારાં અને લોકનૃત્યોથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ભક્તોએ દર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## પત્રકાર, ભાજપ પૂર્વ મેયર તેમજ કાર્યકરો વચ્ચે પોલીસની જીભાજોડી

વડોદરામાં ભગવાન જગન્નાથની રથયાત્રા દરમિયાન ભારે ભીડને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ આ દરમિયાન દર્શન અને કવરેજ માટે આવેલા કેટલાક પત્રકારો તથા રાજકીય આગેવાનો સાથે પોલીસ અધિકારીઓની ક્ષણિક જીભાજોડી થઈ હતી. એક ડીસીપી સાથે પત્રકાર તેમજ પૂર્વ મેયર સુનિલ સોલંકી અને ભાજપના કાર્યકરો સાથે પીઆઈ અને એસીપીની કોઈ કારણોસર સામાન્ય બોલાચાલી થઈ હતી. જોકે, કોઈ મોટો વિવાદ કે અનિચ્છનીય બનાવ બન્યો નહોતો.

## રથયાત્રામાં ૬ વાગ્યા સુધી ૨૪ મોબાઈલ અને બે પર્સની ચોરી

ભગવાન નગરચર્યાએ નીકળ્યા હતા તે દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હોય તેનો લાભ લઈને પાકીટ ચોર તથા મોબાઈલ ચોર ટોળકી સક્રિય બની હતી અને ભક્તોની ભીડમાં પ્રવેશી ભક્તિમાં બનેલા લોકોના ખિસ્સામાંથી મોબાઇલ તથા પર્સની ચોરી કરવામાં આવી હતી જેમાં છ વાગ્યા સુધીમાં 24 મોબાઈલ અને બે પર્સની આ ગેંગે ચોરી કરી હતી જેમાંથી એક વ્યક્તિનું વર્ષ મળી ગયુ હતુ. રથયાત્રા સંપન્ન થાય ત્યાં સુધી મોબાઇલ અને પાકીટ ચોરીનો આંકડો વધ્યો હોવાની શક્યતા છે.

## નિઝામપુરામાં રોબોટિક રથમાં ભગવાન નગરચર્યાએ



અષાઢી બીજના પાવન અવસરે નિઝામપુરાના એલજી નગરમાં ભગવાન જગન્નાથજીની અનોખી રોબોટિક રથયાત્રા ભક્તિભાવ સાથે યોજાઈ હતી. રોબોટિક ટેક્નોલોજીથી સજ્જ રથમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી સોસાયટીના વિવિધ માર્ગો પર નગરચર્યાએ નીકળ્યા હતા. ભજન-કીર્તન અને "જય જગન્નાથ"ના જયઘોષથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. મોટી સંખ્યામાં રહિશો, મહિલાઓ, યુવાનો અને બાળકો દર્શન માટે ઉમટ્યા હતા. જોકે, રથયાત્રા દરમિયાન સોસાયટીના બિસ્માર રસ્તાઓ પણ ચર્ચાનું કારણ બન્યા હતા. તમામ અડચણો વચ્ચે આસ્થા અને આધુનિકતાના સંગમરૂપ આ રોબોટિક રથયાત્રાએ સૌને આધ્યાત્મિક આનંદનો અનુભવ કરાવ્યો હતો.

---

### પારિવારિક ઓળખાણનો લાભ લઈ એજ્યુકેશન કન્સલ્ટન્ટ સાથે તબક્કાવાર રોકાણ કરાવ્યું

# 'બિટકોઈનમાં રોકાણ કરશો તો લાખોનો નફો મળશે' કહી રૂ.૧૦.૫૬ લાખની ઠગાઈ

**મૂડી અને નફો** પરત ન મળતાં વર્ષો બાદ સમા પોલીસમાં ફરિયાદ, પોલીસે આરોપી સામે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરાના સમા વિસ્તારમાં રહેતા અને વિદેશી એજ્યુકેશન કન્સલ્ટન્સી ચલાવતા 58 વર્ષીય સંચાલકને બિટકોઈનમાં ભારે નફાની લાલચ આપીને રૂ.10.56 લાખ પડાવી ઠગ દ્વારા છેતરપિંડી કરવામાં આવી હતી. પારિવારિક ઓળખાણનો લાભ લઈ આરોપીએ વર્ષ 2018થી 2021 દરમિયાન તબક્કાવાર રૂપિયા મેળવ્યા, પરંતુ રોકાણની રકમ કે વચન મુજબનું વળતર પરત ન આપતાં આખરે કન્સલ્ટન્ટે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

આજવા રોડ પર અમેરિકન સ્કૂલની સામે દેવકૃપા બંગ્લોઝમાં રહેતા અને સમા-સાવલી રોડ પર ઈનોવેટિવ એજ્યુકેશન કન્સલ્ટન્સી ઓફિસ ચલાવતા મૈથ્યુ તુન્ડતીલ વર્ગીસને તેમના પરિવારના પરિચિત જોસેફ સેમ્યુઅલ પરમારે ફેબ્રુઆરી 2018માં બિટકોઈનમાં રોકાણ કરવાથી આગામી વર્ષોમાં અનેકગણો નફો મળશે તેવી લોભામણી વાતો કરી હતી. ભારતમાં બિટકોઈન કાનૂની રીતે માન્ય ન હોવાનું જણાવી તેણે પોતાની પત્નીના બેંક ખાતામાં શરૂઆતમાં રૂ.2.50 લાખ જમા કરાવ્યા હતા અને સુરક્ષાના ભાગરૂપે પોસ્ટ-ડેટેડ ચેક આપ્યો હતો.

ત્યારબાદ વધુ નફાની લાલચ આપી રૂ.5 લાખનું વધારાનું રોકાણ કરાવ્યું અને કૃષિ ઉત્પાદનના ધંધાના નામે રૂ.10 લાખનું નોટરી એગ્રીમેન્ટ પણ કરાવ્યું હતુ પછી બિટકોઈનની કસ્ટડી ફી, ઈન્સ્યોરન્સ ચાર્જ અને વોલેટ એકાઉન્ટ ખોલાવવાના બહાને અલગ-અલગ સમયે રોકડ તેમજ બેંક ટ્રાન્સફર મારફતે વધુ રકમ વસૂલવામાં આવી હતી.

વર્ષ 2021માં વોલેટ એકાઉન્ટમાં બિટકોઈન ટ્રાન્સફર કરવા માટે પણ વધારાના રૂપિયા માંગવામાં આવ્યા હતા. પરંતુ જોસેફ સેમ્યુલ મૂડી કે નફો પરત ન આપતા એજ્યુકેશન સંચાલકે વારંવાર તેની પાસે રૂપિયા માંગણી કરી હતી. જોકે આરોપીએ વધુ ફી ભર્યા બાદ જ રકમ મળશે તેવી દલીલ કરી હતી. વર્ષ 2025માં વકીલ મારફતે નોટિસ મોકલી બાકી કસ્ટડી અને ઈન્સ્યોરન્સ ફી ભરવા જણાવાયું હતું, પરંતુ કન્સલ્ટન્ટે વધુ રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. અંતે વર્ષો સુધી રાહ જોયા બાદ રોકાણ કરેલા રૂપિયા કે નફો નહીં મળતા કન્સલ્ટન્ટે રૂ.10.56 લાખની છેતરપિંડી થયાનો અહેસાસ થયો હતો. જેથી એજ્યુકેશન કન્સલ્ટન્ટે છેતરપિંડી સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# લાંચ કેસમાં PSI મલ્લિકા પરમારના રિમાન્ડ પુરા થતા સેન્ટ્રલ જેલમાં ધકેલાયા

**રૂ.૧૦ હજારની** લાંચ કેસમાં એસીબીએ એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેર એસીબી દ્વારા નોંધાયેલા રૂ.10 હજારની લાંચના કેસમાં માંજલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ મલ્લિકાબેન પરમારની ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જોકે કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ પુરા થતા કોર્ટે પીએસઆઈની કસ્ટડી માં હુકમ કર્યો છે.

વડોદરા શહેર પીએસઆઈ મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર અને એએસઆઈ જયકિશન સોમાજી ગામેતી માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન ફરિયાદીને હેરાનગતિ ન થાય તેમજ જામીનની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા માટે શરૂઆતમાં રૂ.25 હજારની લાંચ માંગવામાં આવી હતી. બાદમાં રકઝક થતાં રૂ.10 હજાર લેવાનું નક્કી થયું હતુ અને તે રકમ એએસઆઈ જયકિશન ગામેતીને આપવાનું કહેવામાં આવ્યું હતું. ફરિયાદીએ એસીબીનો સંપર્ક કરતાં ટ્રેપ ગોઠવાયો હતો, જેમાં એએસઆઈએ પોતાની મારુતિ સ્વિફ્ટ કારના ડેશબોર્ડ પર રૂ.10 હજાર સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. એસીબીએ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે લાંચની રકમમાં કોનો કેટલો હિસ્સો હતો, અન્ય કોઈ અધિકારી સંડોવાયેલા છે કે નહીં તેમજ અગાઉ અન્ય નાગરિકો પાસેથી પણ લાંચ લેવામાં આવી છે કે કેમ તે મુદ્દે આરોપીની કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે. સરકારી પક્ષ તરફથી ડીજીપી અનિલ દેસાઈએ દલીલો રજૂ કરી હતી. કોર્ટે ત્રણ દિવસના બદલે એક દિવસનો પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા. ગુરૂવાર ના રોજ રિમાન્ડ પૂર્ણ થતાં આરોપી પીએસઆઈને ફરી કોર્ટમાં રજૂ કરતા મેજિસ્ટ્રેટ દ્વારા પોલીસ અધિકારીને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

### દીકરીઓ માટે કોલ્ડ ડ્રિંક્સ અને દહીં લેવા ઉતરેલા મુંબઈના મુસાફરનો પગ લપસ્યો

# રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચઢવા જતાં મુસાફર ટ્રેન-પ્લેટફોર્મ વચ્ચે ફસાયા

**રેલવે** સ્ટાફની સતર્કતાથી બચ્યો જીવ; પ્રશાસનની અપીલ-ચાલુ ટ્રેનમાં ચઢવા-ઉતરવાનો પ્રયાસ ન કરો



(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા વડોદરા રેલવે સ્ટેશન પર આજે ચાલુ ટ્રેનમાં ચઢવાના પ્રયાસમાં એક કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો હતો. મુંબઈના રહેવાસી એક મુસાફર ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં ફસાઈ જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

મળતી માહિતી અનુસાર, મુસાફર પોતાના પરિવાર સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. ટ્રેન વડોદરા સ્ટેશન પર ઉભી રહેતા તેઓ પોતાની દીકરીઓ માટે કોલ્ડ ડ્રિંક્સ અને દહીં લેવા પ્લેટફોર્મ પર ઉતર્યા હતા. ખરીદી કરીને પરત ફરે તે પહેલાં જ ટ્રેન ચાલવા લાગતા તેમણે ઉતાવળમાં ચાલુ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેમનો પગ લપસી જતાં તેઓ સંતુલન ગુમાવી બેઠા અને સીધા ટ્રેન તથા પ્લેટફોર્મ વચ્ચેના ખાલી ભાગમાં ફસાઈ ગયા. અકસ્માતમાં તેમના પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ રેલવે સ્ટાફ અને સુરક્ષાકર્મીઓ દ્વારા ભારે જહેમત બાદ તેમને ગેપમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. બાદમાં ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

---

### કરોડોના કેમેરા છતાં નદીમાં કચરો ઠાલવતા તત્વો બેફામ, હવે બ્રિજ પર લોખંડના પાંજરા લગાવવાનો નિર્ણય

# વિશ્વામિત્રી નદીને ગંદકી અને ઠલવાતા કચરાથી બચાવવામાં સ્માર્ટ સિટીનું CCTV મોનિટરિંગ નિષ્ફળ?

**જનતાના** સવાલ- મોંઘી ફેન્સિંગ જરૂરી કે કડક કાર્યવાહી અને જનજાગૃતિ વધુ અસરકારક?





(પ્રતિનિધિ) વડોદરા તા.16

સં સ્કારી નગરી વડોદરાની જીવાદોરી ગણાતી વિશ્વામિત્રી નદીને પ્રદૂષણમુક્ત બનાવવાના વડોદરા મહાનગરપાલિકાના દાવાઓ ફરી પ્રશ્નોના ઘેરામાં આવ્યા છે. સ્માર્ટ સિટી યોજના હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે સ્થાપિત સીસીટીવી મોનિટરિંગ સિસ્ટમ હોવા છતાં નદીમાં કચરો અને પૂજાપો ઠાલવવાની પ્રવૃત્તિ અટકતી નથી. હવે પાલિકા દ્વારા વિશ્વામિત્રી પરના વિવિધ બ્રિજ પર લોખંડની ફેન્સિંગ અને પાંજરા લગાવવાની કામગીરી શરૂ કરાતા સ્થાનિકોમાં ચર્ચા જાગી છે.

પાલિકા દાવો કરે છે કે કેમેરા દ્વારા નદીમાં કચરો ફેંકનારા લોકોની ઓળખ કરી તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. જોકે, વાસ્તવિક સ્થિતિમાં નદીમાં સતત કચરો ઠલવાતો જોવા મળતા લોકો આ દાવાઓ પર સવાલ ઉઠાવી રહ્યા છે. નાગરિકોનું કહેવું છે કે જો કડક કાર્યવાહી થતી હોત તો અસામાજિક તત્વોમાં કાયદાનો ભય જોવા મળ્યો હોત. વિશ્વામિત્રીમાં કચરો ઠાલવવાની સમસ્યા વર્ષો જૂની છે. અગાઉ પણ નદી કિનારે પ્રોટેક્શન વોલ અને તારની ફેન્સિંગ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. હવે ફરીથી બ્રિજ પર લોખંડના પાંજરા લગાવવાની કામગીરી શરૂ થતાં લોકો તેને બિનઅસરકારક ગણાવી રહ્યા છે. સ્થાનિકોના મત મુજબ, માત્ર માળખાકીય ખર્ચ કરતાં કડક અમલ, નિયમિત દેખરેખ અને વ્યાપક જનજાગૃતિ વધુ અસરકારક સાબિત થઈ શકે. હવે જોવાનું એ રહેશે કે પાલિકા માત્ર ફેન્સિંગ સુધી સીમિત રહેશે કે સ્માર્ટ સિટી હેઠળની સીસીટીવી વ્યવસ્થાનો અસરકારક ઉપયોગ કરીને વિશ્વામિત્રીને ખરેખર ગંદકીમુક્ત બનાવવા નક્કર પગલાં ભરે છે.

## આગામી સપ્તાહ સુધી વાદળછાયું વાતાવરણ, હળવા વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરમાં ચોમાસાનો માહોલ યથાવત છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ આગામી 22 જુલાઈ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે અને દરરોજ હળવા વરસાદની શક્યતા છે. છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં 4 મિ.મી. વરસાદ નોંધાયો હતો. મહત્તમ તાપમાન 33.4 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ 25.8 ડિગ્રી નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ 82 ટકા જ્યારે સાંજે 62 ટકા રહ્યું હતું. આગામી સપ્તાહ દરમિયાન મહત્તમ તાપમાન 33થી 36 ડિગ્રી અને લઘુત્તમ 26થી 27 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ 22થી 24 જુલાઈ દરમિયાન બંગાળની ખાડીમાં મજબૂત સિસ્ટમ સક્રિય થઈ શકે છે, જેના પગલે 25 જુલાઈ બાદ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### પ્રદૂષણના આંકડા છુપાવવાનો પ્રયાસ કે તકનીકી ખામી?

# વેબસાઈટ પર હવાની ગુણવત્તા દર્શાવતી સિસ્ટમ બંધ: કોર્પોરેશનનો વિચિત્ર નિર્ણય

**મંગળ બજાર,** છાણી, જાંબુઆ સહિતના ૮ મોનિટરિંગ કેન્દ્રોના AQI આંકડા દૂર, હાલ માત્ર કારેલીબાગનો ડેટા ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરમાં પ્રદૂષણની માત્રા અને હવાની ગુણવત્તા જાણવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી ઓનલાઈન એર ક્વોલિટી મોનિટરિંગની મહત્વપૂર્ણ સુવિધા અચાનક બંધ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનની સત્તાવાર વેબસાઈટ પરથી શહેરના જુદા જુદા વિસ્તારોના એર ક્વોલિટી ઈન્ડેક્સ દર્શાવતા આંકડાઓ દૂર કરી દેવાતા સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે.

અગાઉ વડોદરા કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા અને સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેરના મંગળ બજાર, છાણી અને જાંબુઆ સહિત કુલ ૮ જેટલા પ્રમુખ સ્થળો પર હવાની ગુણવત્તા માપવા માટેના કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા હતા. આ તમામ સ્થળોના લાઈવ અથવા અપડેટેડ આંકડા નાગરિકો ઘેરબેઠા વેબસાઈટના માધ્યમથી જોઈ શકતા હતા. ખાસ કરીને શિયાળાની ઋતુ દરમિયાન જ્યારે શહેરમાં ધુમ્મસ અને પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક સ્તરે પહોંચી જતું હોય છે, ત્યારે શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ, વડીલો અને બાળકો માટે આ માહિતી અત્યંત ઉપયોગી સાબિત થતી હતી. નાગરિકો આ આંકડા જોઈને જ પોતાના સ્વાસ્થ્ય અંગે સાવચેતીના પગલાં લેતા હતા. પરંતુ હવે કોર્પોરેશન વહીવટીતંત્ર દ્વારા આ તમામ ૮ સ્થળોના એક્યુઆઈ આંકડા વેબસાઈટ પરથી હટાવી દેવામાં આવ્યા છે. હાલની સ્થિતિએ સમગ્ર શહેરમાં માત્ર કારેલીબાગ વિસ્તારમાં જ ૨૪ કલાક એર મોનિટરિંગની સુવિધા ચાલુ રાખવામાં આવી છે, જ્યારે બાકીના વિસ્તારોના લોકોને હવાની શુદ્ધતા વિશે કોઈ જ માહિતી મળી શકતી નથી. સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલા વડોદરા શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે જોડાયેલી આવી ઓનલાઈન સુવિધા બંધ કરી દેવા પાછળનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

શહેરમાં વધી રહેલા વાહનો અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓને કારણે પ્રદૂષણ સતત વધી રહ્યું છે, ત્યારે તંત્ર દ્વારા મોનિટરિંગ બંધ કરી દેવાતા અનેક સવાલો ઊભા થયા છે. આ પરિસ્થિતિને પગલે જાગૃત નાગરિકો અને સામાજિક સંગઠનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે બંધ કરાયેલા તમામ સ્થળો પર ફરીથી એર ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ સક્રિય કરવામાં આવે અને વડોદરા કોર્પોરેશનની વેબસાઈટ પર આ આંકડા જાહેર જનતા માટે તાત્કાલિક ધોરણે ફરી ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી લોકો પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી શકે.